# હવે માસૂમ કેદારને શોધવા 70 લાશ્કરને ગટરમાં ઉતારવા મુદ્દે મનપા પર તવાઈ

**મનપા** સામે માનવ અધિકારી આયોગે સુઓમોટો દાખલ કરી, મનપા કમિશનરને 20 દિવસમાં ખુલાસો કરવા પત્ર લખ્યો

સુરત: વરીયાવમાં બે વર્ષના માસુમ કેદારનું મનપાની ખુલ્લી ગટરમાં પડી જતા થયેલા મોતનો મામલો હજુ ઠંડો પડ્યો નથી. મનપા પર બેદરકારીના આક્ષેપ સાથે ચારેબાજુથી પસ્તાળ પડી છે. ત્યારે હવે બાળકના મૃતદેહની શોધ માટે ગંદકીથી ખદબદતા ગટરના કુવામાં 70થી વધુ જવાનોને ઉતારવા મુદ્દે પણ મનપા પર તવાઇ આવી છે. રાજ્યના માનવ અધિકાર આયોગ દ્વારા આ મુદ્દે સુઓમોટો કાર્યવાહી હાથ ધરીને 20 દિવસમાં સમગ્ર ઘટનાનો રિપોર્ટ રજૂ કરવા મનપા કમિશનરને પત્ર લખાયો છે. માનવ અધિકાર આયોગ દ્વારા અખબારી અહેવાલોને ટાંકીને જણાવાયું છે કે, 'વરિયાવમાં બે વર્ષનું બાળક ગટરમાં પડ્યું, ફાયરના ૭૦ જવાનો ગટરમાં ઉતર્યા, છતાં ૧૦ કલાકે પણ ભાળ ન મળી' આ ઘટના અંગે અહેવાલ મોકલો. કેમ કે આ ઘટના અંગે રાજ્ય આયોગે સુઓમોટો કાર્યવાહી હાથ ધરી છે. આ બનાવ અનુસંધાને રાજ્ય આયોગ માનવ અધિકાર સંરક્ષણ અધિનિયમ-૧૯૯૩ની કલમ ૧૨ હેઠળ ચકાસણી કરીને કલમ ૧૮ મુજબના પગલા લેવા ધારે છે. તેથી રાજ્ય આયોગે તા.૧૪/૦૨/૨૦૨૫ના 'મ્યુનિસિપલ કમિશનર, સુરત પાસેથી કાર્યવાહીનો હકિકતલક્ષી અહેવાલ દિન-૨૦ માં રજુ કરવા હુકમ કર્યો છે. તેમજ તેમાં કમિશનર તાબાના અધિકારીના અહેવાલની નકલ મોકલવાના બદલે કમિશનરની સહીથી જ અને કમિશનરના સ્પષ્ટ અભિપ્રાય સહિતનો સર્વગ્રાહી અહેવાલ મોકલવા પણ તાકીદ કરાઇ છે.

# સિવિલ હોસ્પિટલમાંથી નવજાત શિશુનું અપહરણ કરનાર ઝારખંડથી ઝડપાયો

**ખટોદરા** પોલીસે બાળકનું પરિવાર સાથે મિલન કરાવ્યું

સુરત:શહેરના મજુરા ખાતે આવેલી નવી સિવિલ હોસ્પિટલમાંથી નવજાત શિશુનું અપહરણ કરનાર આરોપીને ખટોદરા પોલીસે ઝારખંડથી ઝડપી પાડી બાળકને મુક્ત કરાવ્યો હતો. પોલીસે સુરત આવી નવજાત શિશુ સાથે પરિવારનું મિલન કરાવ્યું હતું. દરમિયાન મહિલા ટ્રેનમા તેનાપ્રેમી મિત્ર સાથેતો નવજાત બાળકને લઈને બેસી ગઇ હતી. પરંતુ તેના બે બાળકો હાલમા તેના પતિ સાથે હોવાને કારણે તે ટ્રેનમાંથી ઉતરી ગઇ હોવાની વાર્તા પર્દા પાછળ જાણવા મળી છે. દરમિયાન યુવતીનો મિત્ર તેની સાથે સતત હોસ્પિટલમા રહેતો હતો. તેમા યુવતી નવજાત શિશુ સાથે ભાગવા માંગતી હતી પરંતુ તેના બે બાળકો પહેલેથીજ હોવાને કારણે તે ટ્રેનમાંથી ઉતરી ગઇ હોવાની વિગતો ચર્ચાઇ રહી છે. યુવતીનો માતૃભાવ જાગતા તેણે શિશુને તેના પ્રેમીને સોંપી દીધુ હતુ.અલબત પોલીસ હાલમાંતો આ મામલે યુવતીની પૂછપરછ કરી રહી છે.

## શું કહે છે પોલીસ

આ મામલે પીઆઇ રબારીએ જણાવ્યુંકે નવજાત શિશુ લઇને ભાગનાર સુરત શ્યામરાજ તે યુવતીનો પડોશી છે. તેને યુવતી સાથે પ્રેમ થઇ ગયો હતો. તેણે યુવતીને તેની સાથે સંસારર માંડવા માટે દબાણ કર્યુ હતુ. પરંતુ યુવતીએ ના પાડી દીધી હતી. દરમિયાન પડોશી હોવાને કારણે બાળકને રમાડવાને બ્હાને તે પલાયન થઇ ગયો હતો.

## ઝારખંડથી પોલીસે આરોપીને પકડ્યો

ખટોદરા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ શહેરના મજુરાગેટ ખાતે આવેલી નવી સિવિલ હોસ્પિટલમાં ગયા અઠવાડિયે એક પરિવારના ઘરે બાળકનો જન્મ થયો હતો. આ નવજાત બાળકને સિવિલ હોસ્પિટલના એનઆઇસીયુ વોર્ડમાં દાખલ કરાયું હતું. ત્યાંથી બાળકનું અપહરણ થઈ ગયું હતું. પહેલા માતા તેના મિત્ર સાથે આ બાળકને લઈને ભાગી ગઈ હોવાની વિગત સામે આવી હતી. અપહરણકાર નવજાત શિશુને લઈને ઝારખંડ પહોંચી ગયો હોવાની વિગતો મળતા પોલીસે ટીમ બનાવી હતી અને ઝારખંડ પહોંચી હતી. પોલીસે અપહરણકાર સુરજ શ્યામરાજ મહેતાને દબોચી લીધો હતો. ત્યારબાદ બાળકનો કબજો તેની પાસેથી લીધો હતો. સહી સલામત બાળકને અને આરોપીને સુરત લાવવામાં આવ્યા હતા. એક તરફ નવજાત બાળકનો કબજો તેના પિતા સહિતના પરિવારને અપાયો હતો. બીજી તરફ પોલીસ દ્વારા આરોપી સૂરજની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરવામાં આવી હતી.

# સુરતમાં સરકારી જમીન પરના દબાણ હટાવવાની મેગા કાર્યવાહી

**અડાજણ**-પાલ અને પુણા-મગોબમાં ૩૦,૯૮૯ ચો.મી. જમીન દબાણમુક્ત કરાઇ

સુરત: શહેરમાં ગેરકાયદે દબાણ હટાવવાની કાર્યવાહી ઝડપી બની છે. જિલ્લા કલેક્ટર ડો. સૌરભ પારધીના માર્ગદર્શન હેઠળ સુરત શહેરના અડાજણ અને મગોબ વિસ્તારમાં સરકારી જમીન પરના ગેરકાયદે દબાણો દૂર કરવા માટે મેગા ડિમોલિશન અભિયાન ચલાવવામાં આવ્યું.

પહેલા અડાજણના પાલ વિસ્તારમાં, પ્રાંત અધિકારી નેહાબેન સવાણી અને મામલતદાર મનીષ પટેલની ટીમે ૩૯૮૯ ચો.મી. જમીન ગેરકાયદે દબાણથી મુક્ત કરી. આ જમીન ટાઉન પ્લાનિંગ સ્કીમ નં. ૧૪ (પાલ)ના ફાઈનલ પ્લોટ નં. ૯૨માં આવેલી ગૌચરણ સત્તાપ્રકારની હતી, જેની અંદાજિત કિંમત રૂ. ૧૦ કરોડ છે. આ ઑપરેશનમાં શ્રમિકોની કોલોની અને ટોયલેટ બ્લોક જેવા દબાણો હટાવાયા હતા. બીજી તરફ, મગોબ વિસ્તારમાં (ટી.પી.નં. ૫૩, મગોબ-ડુંભાલ) પુણા મામલતદારની ટીમે ૨૭,૦૦૦ ચો.મી. જમીન ખાલી કરાવી. આ જમીન પર તાલુકા સેવા સદનના બાંધકામ માટે ફાળવણી કરવામાં આવી હતી, પણ ત્યાં વારંવાર દબાણ કરાય છે. જેથી, પુણા પોલીસ, મહાનગરપાલિકા અને માર્ગ-મકાન વિભાગની સંયુક્ત કામગીરી હેઠળ દબાણ દૂર કરી જમીન રાજ્ય સરકારના કબ્જામાં આપવામાં આવી.

આ સમગ્ર કામગીરી સરકારી જમીનના સુરક્ષા પ્રયાસો માટે મહત્વની માનવામાં આવે છે, કારણ કે વારંવાર દબાણ હટાવ્યા છતાં ફરીથી કબ્જો જમાવવાનો પ્રયાસ થતો હોય છે. તંત્ર દ્વારા સ્પષ્ટ સંકેત આપવામાં આવ્યો છે કે ભવિષ્યમાં આવી ગેરકાયદે પ્રવૃત્તિઓ ચાલશે નહીં.

બારડોલીના સાંસદ પરભુભાઇ વસાવાના હસ્તે SGCCIના ઉદ્યોગ પ્રદર્શનનો ભવ્ય શુભારંભ

# ડીઝલ વાહનો ઉપર પ્રતિબંધની વિચારણા : પરભુ વસાવા

**ગુજરાત** રાજ્યના કુલ એમએસએમઇના 48% ટકાનું પ્રતિનિધિત્વ દક્ષિણ ગુજરાત કરે છે : વિજય મેવાવાલા



સુરત : ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સધર્ન ગુજરાત ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ ડેવલપમેન્ટ સેન્ટર દ્વારા સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એક્ઝિબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે આયોજિત ત્રિદિવસીય 'ઉદ્યોગ ૨૦૨૫' નો આજે બારડોલી લોકસભાના સાંસદ પરભુભાઈ વસાવાનાં હસ્તે પ્રારંભ થયો છે.

આ પ્રસંગે કેપી એનર્જી લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર ડો. ફારૂક પટેલ, જૈનમ બ્રોકીંગ લિમિટેડના ચેરમેન મિલન પરીખ, કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન NPCILના સ્ટેશન ડિરેક્ટર યશ લાલા ઉપસ્થિત રહ્યાં હતાં.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વિજય મેવાવાલાએ જણાવ્યું હતું કે, ગુજરાતના અર્થતંત્રમાં સુરતનું ખૂબ જ મહત્વનું યોગદાન રહ્યું છે. સમગ્ર દક્ષિણ ગુજરાત, ગુજરાત રાજ્યના કુલ એમએસએમઈના ૪૮ ટકાનું પ્રતિનિધિત્વ કરે છે અને એમાં પણ સુરત, ભારતના જીડીપીમાં ૨ ટકાનો ફાળો આપે છે. આ વર્ષે પ્રથમ વખત ઉદ્યોગ પ્રદર્શનમાં મુક-બધીર અને દિવ્યાંગો માટે અલગથી દિવ્યાંગ સ્ટ્રીટ ફાળવવામાં આવી છે.

દિવ્યાંગો દ્વારા બનાવવામાં આવતી વિવિધ પ્રોડક્ટનું પ્રદર્શન કરી શકાય તે માટે તેઓને પ્લેટફોર્મ પૂરુ પાડવામાં આવ્યું છે.

બારડોલી લોકસભાના માનનીય સાંસદ પરભુભાઈ વસાવાએ જણાવ્યું હતું કે, શહેરી વિસ્તારોની વસ્તી વૃદ્ધિને જોતા ઉદ્યોગોને એક્ષ્પાન્શન માટે શહેરી વિસ્તારમાંથી બહાર નીકળવું જ પડશે અને શહેરથી નજીકના સ્થળોનો વૈકલ્પિક ઉપયોગ કરવો પડશે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ડિઝલ વાહનો ઉપર પ્રતિબંધ લાવવા અંગે વિચારણા ચાલી રહી છે ત્યારે ઉદ્યોગ સાહસિકોએ રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે વધુ કાર્ય કરવું જોઈએ.

કાકરાપાર એટોમિક પાવર સ્ટેશન NPCILના સ્ટેશન ડિરેક્ટર યશ લાલાએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૭૦ સુધીમાં ઝીરો કાર્બન એમીશન કરવાનું લક્ષ્ય ભારત સરકારે રાખ્યું છે. એના માટે રિન્યુએબલ એનર્જી અને ગ્રીન એનર્જી તરફ જવું પડશે. કેન્દ્રિય બજેટમાં ન્યુક્લીયર પાવર અને સ્મોલ રિએક્ટર્સ બનાવવા માટે રૂપિયા ૨૦ હજાર કરોડ ફાળવવામાં આવ્યા છે.

# ન્યૂ ટેક્સટાઈલ માર્કેટના વેપારી સાથે 53.41 લાખની છેતરપિંડી

**પોલીસે** અજાણ્યા મોબાઈલ નંબર ધારક સામે ગુનો દાખલ કર્યો

સુરત:શહેરના રિંગ રોડ ખાતે આવેલી કાશી માર્કેટ અને ન્યુ ટેક્સટાઇલ માર્કેટમેં કાપડનો વેપાર કરતા બે ભાઈઓ છેતરપિંડીનો ભોગ બન્યા છે. અજાણ્યા નંબરથી ફોન કરી વેપારી ભાઈઓને મુંબઈના દાદર ખાતે આવેલી વિનરભેરામ એન્ડ કંપનીના માલિક તરીકેની ખોટી ઓળખ આપી કુલ રૂપિયા ૫૩,૪૧,૭૫૦નું ડ્રેસ મટિરિયલ મંગાવી રૂપિયા નહીં ચૂકવી હાથ ઊંચા કરી દીધા છે.શહેરના પાલ ખાતે આવેલા નક્ષત્ર એપાર્ટમેન્ટમાં રહેતા ધીરજ નંદલાલ હાસાણી રિંગ રોડ ખાતે આવેલી કાશી માર્કેટમાં તથા તેમના મોટાભાઈ મુકેશ નંદલાલ હાસાણી ન્યુ ટેક્સટાઈલ માર્કેટમાં મમતા સિલેક્શનના નામે કાપડનો વેપાર કરે છે .ગઈ તારીખ 20 જાન્યુઆરી 2025ના રોજ વેપારીને અજાણ્યા વ્યક્તિએ ૯૭૮૫૪૨૫૪૧૪ નંબરથી ફોન કર્યો હતો અને તેણે તેની ઓળખાણ મુંબઈના દાદર ખાતે આવેલી વિનરભેરામ એન્ડ કંપનીના માલીક કપિલભાઈ તરીકેની ખોટી ઓળખ આપી હતી. ત્યાર ભાગ ઠગે વેપારીને જણાવ્યું કે માર્કેટના ધારા પ્રમાણે ઉધારીના પૈસા 40 થી 45 દિવસમાં ચૂકવી દઈએ છે. જેથી તેમણે અલગ અલગ બિલો ચલણોથી કુલ્લે રૂપિયા ૫૩,૪૧,૭૫૦/- નો ડ્રેસ મટિરિયલ મોકલું હતું. જોકે ઠગબાજો સમય પર ઉધારીના પૈસા નહીં ચૂકવી છેતરપિંડી કરી હતી. જેથી ભોગ બનનાર વેપારીએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# લિંબાયતમાં માનસિક બીમારીથી ત્રસ્ત 26 વર્ષીય પરિણીતાનો આપઘાત

સુરતઃ લિંબાયતમાં માનસિક બીમારીથી કંટાળીને પરિણીતાએ આત્મહત્યા કરી લીધી હતી.

મૂળ મહારાષ્ટ્ર જલગાંવના વતની ધનરાજ પાટીલ હાલ લિંબાયત શ્રીનાથ સોસાયટીમાં પત્ની વૈશાલી (26 વર્ષ) તેમજ બે સંતાન સાથે રહે છે.

ધનરાજ કાપડ માર્કેટમાં મજૂરી કામ કરીને પરીવારનું ગુજરાન ચલાવે છે. તેની પત્ની વૈશાલી છેલ્લા ઘણાં સમયથી માનસિક બીમારીથી પીડિત હતી, જેથી તેની દવા પણ ચાલતી હતી. જેનાથી કંટાળીને વૈશાલીએ ગુરુવારે બપોરે ઘરમાં લોખંડના હુક સાથે દોરડું બાંધીને ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. બનાવને પગલે લિંબાયત પોલીસે વધુ તપાસ હાથ ધરી હતી.

## ખાડીઓની સફાઇ નહીં થતા પ્રજા ત્રસ્ત



સફાઇના મુદ્દે સુરત હંમેશા સમતોલ રહેતું નથી. કેટલાક વિસ્તાર ચોખ્ખા ચણાક હોય છે તો કેટલાંક ઠેકાણે ગંદકીની ભરમાર હોય છે. આવી જ હાલત વરાછા અને પુણાની ખાડીની છે જ્યાંથી પસાર થવું પણ મુશ્કેલ બની ગયું છે. (તસવીર : સતીષ જાદવ)

# એકાઉન્ટન્ટની વ્યાખ્યામાં કોસ્ટ એકાઉન્ટન્ટ્સનો સમાવેશ કરવા માંગ

**ICMAIએ** લોકસભાની પસંદગી સમિતિને મેમોરેન્ડમ સુપરત કર્યું

સુરતઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ કોસ્ટ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICMAI) દ્વારા આવકવેરા બિલ, 2025ની તપાસ માટે લોકસભાની સિલેક્ટ કમિટીને મેમોરેન્ડમ સુપરત કરવામાં આવ્યું છે. ICMAIએ તેની રજૂઆતમાં આવકવેરા બિલ, 2025ની કલમ 515(3)(b) હેઠળ "એકાઉન્ટન્ટ"ની વ્યાખ્યામાં "કોસ્ટ એકાઉન્ટન્ટ"નો સમાવેશ કરવાની માગણી કરી છે.

સંસ્થાએ જણાવ્યું કે આ સુધારો કરવેરા અને પાલન સંબંધિત પ્રવૃત્તિઓમાં કોસ્ટ એકાઉન્ટન્ટ્સની વિશેષ કુશળતાનો ઉપયોગ સુનિશ્ચિત કરશે અને વ્યવસાયિક ક્ષેત્રમાં વધુ પ્રતિનિધિત્વ અને સમાવેશ પ્રાપ્ત થશે. CMA અભ્યાસક્રમને આધારભૂત ગણાવી ICMAIએ જણાવ્યું કે એ આવકવેરા, GST, એકાઉન્ટિંગ, બેંકિંગ, ફાઈનાન્સ, ઓડિટિંગ, કોર્ટ કાયદાઓ અને વ્યૂહાત્મક જોખમ વ્યવસ્થાપન જેવા ક્ષેત્રોમાં વ્યાપક જ્ઞાન પ્રદાન કરે છે. આ અભ્યાસક્રમ આંતરરાષ્ટ્રીય પરીક્ષા ધોરણો અનુસાર છે, જેના આધારે કોસ્ટ એકાઉન્ટન્ટ્સને વધુ અધિકૃત સ્થાન આપવાની માંગ યોગ્ય છે.

# કતારગામના યુવાને બેંક ઓફ બરોડામાં 500ની 20 ડુપ્લિકેટ નોટ જમા કરાવી

**હરિદર્શન** સોસાયટીમાં રહેતા રવિ ધોળકિયા સામે ગુનો

સુરત:શહેરના સિંગણપોર ગામ સિલ્વર સ્ટોન આર્કેડમાં આવેલ બેંક ઓફ બરોડાની વેડરોડ શાખામાં ભારતીય ચલણની ૫૦૦ ના દરની કુલ ૨૦ ડુપ્લિકેટ નોટો જમા થતા બેંક અધિકારી ચોકી ગયા હતા. જે અંગે આ નોટો જમા કરાવનાર કતારગામ ખાતે રહેતા યુવક સામે ચોકબજાર પોલીસ મથકમાં ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

શહેરના સિંગણપોર ગામ સિલ્વર સ્ટોન આર્કેડમાં બેંક ઓફ બરોડાની વેડરોડ શાખામાં આવેલી છે. જેમાં ગત તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૫ ના રોજ સવારના સમયે કેશીયર નરેશભાઇ કાનજીભાઈ પટેલ ફરજ પર હાજર હતા. તે દરમિયાન સવારના સાડા દસ વાગ્યાના અરસામાં રવિ ગોરધનભાઈ ગોળકિયા (રહે-૧૯૦, ૧૯૧ હરીદર્શન સોસાયટી ની બાજુમાં મહેંક રેસિડેન્સીની સામે સિંગણપોર રોડ) નામની વ્યક્તિ રૂ.૨,૫૦,૦૦૦/- રોકડા ભરવા માટે આવ્યો હતો અને બેંકના કેશીયર નરેશભાઈ કાનજીભાઈ પટેલએ આ રોકડ કેસ ડીટેક્શન મશીનમાં ચેક કરતા રૂ.૫૦૦/- ના દર ની ૨૦ નોટો ભારતીય ચલણી નોટ ડુપ્લિકેટ હોવાનું સામે આવ્યું હતું.જેથી સુરત સીટી રીજીયન બેન્ક ઓફ બરોડાના અધિકુત અધિકારી અવધેશકુમાર શર્મા ચંન્દ્રભાણકુમાર શર્માએ ચોકબજાર પોલીસ સ્ટેશનમાં રવિ ગોળકીયા નામના વ્યક્તિ સામે ગુનો નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી છે.

# વિશ્વકક્ષાનું બનવા જઈ રહેલા સુરત રેલવે સ્ટેશનની લિફ્ટ જ બંધ

**ઈ-કાર** સહિતની સુવિધાઓ અચાનક બંધ કરી દેવાતાં વડીલો, દિવ્યાંગોને ભારે હાલાકી



સુરતઃ સુરત રેલવે સ્ટેશન પર તંત્રની ગફલતને કારણે મુસાફરોની હાલાકી વધી છે. સ્ટેશન પર લિફ્ટ સહિતની મહત્ત્વની સુવિધાઓ અચાનક બંધ થઈ જતા મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

વડીલો અને દિવ્યાંગ લોકો માટે મુશ્કેલી વધી છે. તેમજ પ્લેટફોર્મ પર તેમને લઈને ફરતી ઈ-કાર પણ જોવા મળતી નથી. જેથી સ્ટેશનના એક પ્લેટફોર્મથી અન્ય પ્લેટફોર્મ પર જવા માટે આવા મુસાફરો ત્રાહિમામ પોકારી રહ્યા છે. ખાસ કરીને વૃદ્ધાઓ, મહિલાઓ સહિતના મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. લિફ્ટ બંધ થઈ જતા મુસાફરોને રેલવે સ્ટેશનના પાર્કિંગથી પ્લેટફોર્મ પર આવવા માટે પરસેવો પડી રહ્યો છે.

## જીએમ આવ્યા ત્યારે બધુ ચાલુ અને ત્યારબાદ બધુ બંધ

થોડા જ દિવસો અગાઉ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજર (GM) સુરત સહિતના અનેક રેલવે સ્ટેશનની મુલાકાત માટે આવ્યા હતા. તેમના આગમન પહેલા તંત્રએ ફટાફટ લિફ્ટ સહિતની સુવિધાઓ કાર્યરત કરી દીધી હતી. પરંતુ, તેમની મુલાકાત પૂર્ણ થતાં જ ફરી તે સુવિધાઓ બંધ થઈ ગઈ, જે તંત્રની નિષ્કાળજી અને પ્રજાના હિતો પ્રત્યેના બેદરકાર વલણની સાબિતી આપે છે.

શહેરમાં કચરો ફેંકતા પહેલા હવે AIનો ડર રાખવો જરૂરી, નહીં તો દંડાશો

# સ્વચ્છતા માટે મનપા AIની શરણે, કચરો ફેંકનારા 700ને દંડ કરાયો

**CCTVની** લાઇવ ફીડ એકઠી કરી AI ક્યાં કચરો થઇ રહ્યો છે તેનો રીપોર્ટ આપશે અને મનપાના આરોગ્ય વિભાગને એલર્ટ પણ કરશે

સુરતઃ સુરતને બે વર્ષ સુધી દેશના સ્વચ્છ શહેરોમાં બીજા નંબરે રહ્યા બાદ ગત વર્ષે સ્વચ્છતામાં પહેલા નંબર પર લાવવાનું સપનું સાકાર થયું છે. હવે તો સુરત સ્વચ્છતાની સુપરલીગમાં અન્ય ત્રણ શહેર સાથે સ્પર્ધા કરી રહ્યું છે. ત્યારે હવે શહેરને સ્વચ્છ રાખવા માટે મનપા દ્વારા દેશમાં પહેલી વખત AI (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ટેક્નોલોજીની મદદ લેવાનું શરૂ કરાયું છે. AI હવે રસ્તાઓ પર ફેંકાયેલા કચરાને પકડી પાડશે અને કચરો ફેંકનારાને ટ્રેક કરવા પ્રયત્ન કરશે.

શહેરની સફાઈ વ્યવસ્થાને વધુ ગતિશીલ અને અસરકારક બનાવવા માટે AI આધારિત ઓટોમેટિક સિસ્ટમ શરૂ કરવામાં આવી છે. આ નવી ટેક્નોલોજિકલ સિસ્ટમ સુરત ઈન્ટેલિજન્ટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર (ICCC) સાથે સંકળાયેલી છે, જ્યાં 3000+ CCTV કેમેરા 24x7 શહેરની સફાઈ પર નજર રાખે છે.

## AI કેવી રીતે કામ કરે છે?

AI ટેક્નોલોજી સૌપ્રથમ શહેરમાં લગાવવામાં આવેલા CCTV કેમેરાથી લાઈવ ફીડ એકઠી કરે છે. જો કોઈ જાહેર સ્થળે કચરાનો ઢગલો હોય, ગંદકી ફેલાયેલી હોય અથવા કોઈ વ્યક્તિ કચરો ફેંકતી હોય, તો AI તેને તરત જ ઓળખી અને ICCC (ઇન્ટેલિજન્ટ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર)ને જાણ કરે છે. AI ત્યાં કચરો છે તે જાણ કરતા જ ટૂંક સમયમાં RMC (રિજનલ મ્યુનિસિપલ કોર્પોરેશન)ની ટીમને ઓટોમેટિક અલર્ટ મોકલી દે છે. જે વિસ્તારની અંદર કચરો હશે, ત્યાં તુરંત સફાઈ કર્મચારીઓને મોકલી દેવામાં આવે છે અને સફાઈ હાથ ધરવામાં આવે છે. જો કોઈ વ્યક્તિ કચરો ફેંકતો હોય તો AI તેની ઓળખ પણ કરે છે અને દંડ માટે રિપોર્ટ જનરેટ કરે છે. આ માહિતી SMCના આરોગ્ય વિભાગ સુધી પહોંચે છે, જે પછી દંડ ફટકારવામાં આવે છે.

# તાપમાનમાં સામાન્ય ઘટાડો છતાં આકરો તાપ

**પવનની** દિશામાં ફેરફાર થતા ગરમીનો અહેસાસ વધ્યો

સુરતઃ શહેરમાં છેલ્લા બે દિવસથી તાપમાન સામાન્ય સ્તરે રહેતા રાહતની સ્થિતિ છે. આજે તાપમાનમાં ઘટાડો છતા ગરમીનો અહેસાસ થયો હતો.

હવામાન વિભાગના જણાવ્યા મુજબ શહેરમાં હવામાનમાં થોડી નરમાઈ જોવા મળી હતી. મહત્તમ તાપમાન આંશિક ઘટીને 34.4 ડિગ્રી નોંધાયું હતું. જ્યારે લઘુત્તમ તાપમાન આંશિક વધીને 20.0 ડિગ્રી નોંધાયું છે. ઉલ્લેખનીય છે કે ગઈકાલે મહત્તમ તાપમાન 34.7 ડિગ્રી સેલ્સિયસ જ્યારે ન્યૂનતમ તાપમાન 19.9 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. શહેરમાં આજે ભેજનું પ્રમાણ થોડું ઓછું થઈ 28% રહ્યું હતું. હવાનું દબાણ વધીને 1013.0 hPa રહ્યું હતું. પવનની દિશામાં ફેરફાર થતાં ઉત્તરપશ્ચિમ દિશાથી 4 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો.

મહાશિવરાત્રિ ઉધનાના રાજુભાઈ રાણા ઘીનાં કમળો તૈયાર કરી મહાદેવના ભક્તોને આપે છે

# 20 વર્ષથી ઘીનાં કમળોનો અનોખો સેવા યજ્ઞ

**એક** કમળ તૈયાર કરવા 12થી 15 કલાક જેટલો સમય લાગે છે

સુરતઃ ઉધના વિસ્તારમાં રહેતા રાજુભાઈ રાણા છેલ્લાં 20 વર્ષથી એકપણ રૂપિયો લીધા વિના સુંદર અને આકર્ષક ઘીનાં કમળ ભક્તોને બનાવી આપે છે.

રાજુભાઈ રાણાએ જણાવ્યું હતું કે, તેની તૈયારીઓ પણ તેઓ એક મહિના પહેલા કરી દે છે. માત્ર વનસ્પતિ ઘીમાંથી જ આ કમળ બનીને તૈયાર થતા હોય છે. ભક્તો તથા મંદિરો તરફથી તેમને આ ઓર્ડર મળે છે.

## પ્રોફેશનલ લોકો ઘીના કમળ બનાવી આપવાનો 15થી 20 હજાર જેટલો ચાર્જ કરે છે

સુરતમાં બીજા ઘણા લોકો મહાશિવરાત્રિ પર્વના દિવસોમાં ઘીનાં કમળ બનાવે છે. જો કે, તેઓ ભક્તો પાસેથી તેનો ચાર્જ લેતા હોય છે. એક ઓર્ડર મુજબ 15થી 20 હજાર જેટલો ચાર્જ લેવામાં આવતો હોય છે. જ્યારે નાના ઓર્ડરના 2 હજારથી 3 હજાર રૂપિયામાં પણ ઘીનાં કમળ બનાવી આપવામાં આવે છે.

## શિવરાત્રિ નિમિત્તે મંદિરોમાં ઘીનાં કમળનું મહત્વ

વિષ્ણુ ભગવાન મહાદેવની પૂજા કરે છે અને તેમને કમળ ચઢાવે છે. જેથી ભક્તો પણ તેને અનુસરે છે. સાથે જ એવો પણ મત છે કે મહાશિવરાત્રિ એટલે શિયાળાની મોસમનો અંતિમ દિવસ હોય બાદમાં ગ્રીષ્મ ઋતુનો પ્રારંભ થાય. જેમ કે ઘી, શેરડીનો રસ, દૂધ, દહીં, તરોફા, ભાંગ વગેરેનો અભિષેક પણ કરવામાં આવતો હોય છે. આ સાથે જ મોટા ભાગે ઠારેલા ઘીનાં કમળ પણ ચઢાવાય છે.